અપીલ અરજી નં.૨૬૨,૨૬૩ તા .૧૪–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા. ૧–૮–૧૧ની અરજીથી કમિ.શ્રીની પ્રત્યેક ઝોનમાં એવી સૂચના આપેલ હતી કે પ્રાથમિક શાળાની પરીક્ષા પૂર્ણ થયા પછી ડીમોલીશનની કામગીરી કરવી વિગેર મુદ્દા નં.૧ થી ૨ તેમજ મુદ્દા નં.(૧) દલિત વસાહત ઝુંપડપટ્ટીનું ગેરકાયદેસર કરેલ ડીમોલેશન દરમ્યાન ૫ થી ૭ માં ધોરણના દલિત વસાહતમાં રહેતા વિદ્યાર્થી અને વિદ્યાર્થીની એવા કુલ ૩૯ બાળકો પરીક્ષા આપી શકેલ નથી? ત્યારે તા. ૧૧–૪–૧૧નાં રોજ કરેલ ડીમોલેશન ગેરકાયદેસર નથી ? એની માહિતી આપો અને રાઈટ ટુ એજયુકેશન ફરજીયાત શિક્ષણનો કાયદો અમલમાં હોવા છતાં દલિત વસાહતના ૩૯ વિદ્યાર્થી પરીક્ષા આપ્યા વગર રહી ગયા છે એની જવાબદારી કોની ? અને વિગતે માહિતી આપો વિ. મુદ્દા નં. (૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૬૨–૨૬૩/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા. ૧–૮–૧૧ની અરજીથી કમિ.શ્રીની પ્રત્યેક ઝોનમાં એવી સૂચના આપેલ હતી કે પ્રાથમિક શાળાની પરીક્ષા પૂર્ણ થયા પછી ડીમોલીશનની કામગીરી કરવી વિગેર મુદ્દા નં.૧ થી ૨ તેમજ મુદ્દા નં.(૧) દલિત વસાહત ઝુંપડપટ્ટીનું ગેરકાયદેસર કરેલ ડીમોલેશન દરમ્યાન ૫ થી ૭ માં ધોરણના દલિત વસાહતમાં રહેતા વિદ્યાર્થી અને વિદ્યાર્થીની એવા કુલ ૩૯ બાળકો પરીક્ષા આપી શકેલ નથી ? ત્યારે તા. ૧૧–૪–૧૧નાં રોજ કરેલ ડીમોલેશન ગેરકાયદેસર નથી ? એની માહિતી આપો અને રાઈટ ટુ એજયુકેશન ફરજીયાત શિક્ષણનો કાયદો અમલમાં હોવા છતાં દલિત વસાહતના ૩૯ વિદ્યાર્થી પરીક્ષા આપ્યા વગર રહી ગયા છે એની જવાબદારી કોની ? અને વિગતે માહિતી આપો વિ. મુદ્દા નં. (૧) થી (૨)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં ઈ.ઝેડ/ આરટીઆઈ/ ૩૫૦, ૩૫૨, તા.૧૯–૮–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૪– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. ઉપરોકત બે અપીલના અરજદાર અને જાહેર માહિતી અધિકારી સરખા હોઈ તેમજ અરજીનું વિષય વસ્તુ સંબધિત માહિતી સરખી હોઈ તેમજ તેમનો પ્રત્યુત્તર પણ સંયુકત થયેલ હોઈ બે અપીલ અરજીઓનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા અપીલ નં.૨૬૨ અંગે** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૨૫ તા.૨૬–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર તપાસણી કરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? સ્પષ્ટતા કરવા તથા તે પછી કોઈ નારાજગી હોય તો જણાવવા તથા ડીમોલેશનના કારણે બાળકો પરીક્ષા આપી શકેલ નથી તેવા કોઈ આધાર તેમની કક્ષાએ હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૦–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આં.૩૫૨ તા.૧૯–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. અપીલ નં.૨૬૩ અંગે પત્ર નં.આરટીઆઈ સેલ/૮૨૬ તા.૨૬–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને તેમની કક્ષાએ તેમણે કરેલા દાવાનુસાર કાર્ય થયેલ હોવાના આધાર હોય તો રજુ કરવા સાથે વધુમાં તા. ૧–૮–૧૧ની અરજી આઈડી નં. ૩૫૦ અંગે તેમના ધ્વારા મુદ્દા નં. ૧ અંગે અને મુદ્દા નં. ૨ અંગે એમ બે અપીલ અરજી તા. ૧૪–૯–૧૧ના રોજ કરવામાં આવેલ છે જેથી બન્ને અપીલ અરજીઓ સંયુકત કરી એક અપીલ અરજી ગણવામાં આવેલ છે તેવું જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મુળ અરજીની નકલ તથા અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૫૦ તા.૧૯–૮–૧૧ ના પત્રની નકલ અ ત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

(૧) અપીલ નં.૨૬૨ બાબતે અરજદારની આઈ ડી નં.૩૫૨ તા.૧–૮–૧૧ ની અરજીથી દલિત વસાહતના ઝુંપડપટ્ટીના ડીમોલીશનથી ૩૯ બાળકો પરીક્ષા આપી શકેલ નહીં તેવા પ્રશ્ન તેમજ ચીંધા આપ્યા આખાડેના કોસાડ મકાન ફાળવણી બાબતના મુદ્દા નં.૧ થી ૨ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૫૨ તા.૧૯–૮–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જે અંગે અરજદારે આપેલ માહિતીના પ્રત્યુત્તરથી નારાજ થઈ દલિત વસાહત ઝુંપડપટ્ટીના ૩૯ વિદ્યાર્થી પરીક્ષા આપ્યા વગર રહી ગયા તેવું જણાવી તા.૧૪–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે મુદા નં.(૧)દલિત વસાહત ઝુંપડપટ્ટીનું ગેરકાયદેસર કરેલ ડીમોલેશન દરમ્યાન ૫ થી ૭ માં ધોરણના દલિત વસાહતમાં રહેતા વિદ્યાર્થી અને વિદ્યાર્થીની એવા કુલ ૩૯ બાળકો પરીક્ષા આપી શકેલ નથી? ત્યારે તા. ૧૧–૪–૧૧નાં રોજ કરેલ ડીમોલેશન ગેરકાયદેસર નથી ? એની માહિતી આપો અને રાઈટ ટુ એજયુકેશન ફરજીયાત શિક્ષણનો કાયદો અમલમાં હોવા છતાં દલિત વસાહતના ૩૯ વિદ્યાર્થી પરીક્ષા આપ્યા વગર રહી ગયા છે એની જવાબદારી કોની ? અને વિગતે માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ બાબતે વરાછાઝોન કચેરીની કોઈ જવાબદારી નથી. તેવું જણાવેલ. મુદ્દા નં.(૨) દલિત વસાહત ઝુંપડપટ્ટીમાં તા.૧૧–૪–૧૧ ના રોજ જે ગેરકાયદેસર ડીમોલીશન કર્યુ એમાં ચીંધા આપ્યા આખાડે એમના ઝુંપડાઓનું પણ ડીમોલીશન થયેલ છે કોસાડ ખાતે ચીંધા આપ્યા અખાડે અને એમના પરીવારમાં કોના કોના નામે મકાન ફાળવવામાં આવ્યા છે એના નામ તેમજ કોસાડ મકાન કયા બ્લોકમાં કયા નંબરમાં ફાળવેલ છે? તેમજ મકાન ફાળવણી વખતે એમની પાસેથી કયા પુરાવા લેવામાં આવેલ છે? એની ઝેરોક્ષ અને અરજીમાં જણાવેલ માહિતીની સંપૂર્ણ વિગતની ઝેરોક્ષ નકલ અમોને સમય મર્યાદામાં આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ બાબતે રજા સિવાયના દિવસમાં કચેરીના કામકાજના સમયમાં સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન દફતરી ચકાસણી કરી માહિતી મેળવી વિનંતી. છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારનો અપીલમાં કોઈ તકરારી મુદ્દો ઉપસ્થિત કરેલ નથી જયારે જાહેર માહિતી અધિકારીએ આ અંગે કરેલ ઈન્સ્પેકશનના પ્રસ્તાવ અનુસાર દફતરી તપાસણી કરી છે કે કેમ? તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી. આમ અરજદારને તેમના બંને મુદ્દાઓ અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જણાવવામાં આવેલ છે.

(૨) અપીલ નં.૨૬૩ બાબતે અરજદારની આઈ ડી નં.૩૫૦ તા.૧–૮–૧૧ ની અરજીથી કમિ.શ્રીની પ્રત્યેક ઝોનમાં એવી સૂચના આપેલ હતી કે પ્રાથમિક શાળાની પરીક્ષા પૂર્ણ થયા પછી ડીમોલીશનની કામગીરી કરવી વિગેરે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/૩૫૦ તા.૧૯–૮–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ દલિત વસાહત ઝુંપડપટ્ટીના ધોરણ ૫ થી ૭ ના વિદ્યાર્થી પરીક્ષા આપ્યા વગર રહી ગયા તેવું જણાવી તથા બીજી અપીલમાં ડો.બાબા સાહેબનું ચૈલ ચિત્ર સાથેનું ઉખેડીને ફેંકી દેવામાં આવેલ તેવું જણાવેલ છે. તા.૧૪–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં અરજદારના અરજીના મુદ્દા નં.(૧) લંબેહનુમાન રોડની દલિત વસાહત સેવાસંઘ ઝુંપડપટ્ટીમાં તા. ૧૧–૪–૧૧ના રોજ નોટીસ આપ્યા વગર ત્યાનાં રહીશોને જાણ વગર ગેરકાયદેસર કરેલ ડીમોલેશન બાબતે જણાવવાનું કે મ્યુ.કમિશનરશ્રીએ પ્રત્યેક ઝોનને એવી સુચના આપેલ હતી કે , પ્રાથમિક શાળાઓમાં ૧થી ૭ ધોરણની પરીક્ષા પૂર્ણ થયા પછી ડીમોલેશનની કામગીરી કરવી એવી સુચના આપેલ હોવા છતાં તા. ૧૧–૪–૧૧નાં રોજ દલિત વસાહત ઝુંપડપટ્ટીનું કયા કારણે ડીમોલેશન કર્યુ છે તેની માહિતી અમોને આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર દલિત વસાહત ઝુંપડપટ્ટીના લાભાર્થી ઈસમોને વૈકલ્પિક આવાસ ફાળવવામાં આવતાં તેઓ ધ્વારા પોતાના ઝુંપડા સ્વૈચ્છિક ખાલી કરી સ્થળાંતર કરવામાં આવેલ. આ ખાલી થયેલ ઝુંપડા વરાછાઝોન કક્ષાએથી તા.૧૧–૪–૧૧ ના રોજ દુર કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) દલિત વાસહત ઝુંપડપટ્ટીમાં ભારતના બંધારણના ઘડવૈયા ડી.બાબા સાહેબ આંબેડકરનું ચૈલ ચિત્ર સાથેનું ભારતીય બૌધ્ધ મહાસભાનું બોર્ડ ડીમોલીશનમાં હાજર સુમપાની મહિલા કર્મચારી કામિની જૈનના ઉશ્કેરણી ભારતીય બૌધ્ધના મહાસભાનું બોર્ડ ઉખાડીને ફેંકી દેવામાં આવેલ છે? રાષ્ટ્રીય નેતાનું ચૈલ ચિત્ર સાથેનું બોર્ડ કામિની જૈનના કેવાથી ઉખાડીને ફેંકી દેવામાં આવેલું વરાછાઝોનના માહિતી અધિકારીએ કામિનિ જૈનની સામે કાયદેસરની શું કાર્યવાહી કરેલ છે? એની માહિતી અમોને સમય મર્યાદામાં આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાષ્ટ્રીય નેતાનું બોર્ડ વરાછાઝોન કક્ષાએથી ઉખાડવામાં આવેલ ન હોવાથી મજકુર કર્મચારી સામે કાયદેસર કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેવું જણાવેલ છે.

આમ અરજદારે અપીલ નં.૨૬૨ તેમજ ૨૬૩ માં દલિત વસાહત ઝુંપડપટ્ટીમાં ૫ થી ૭ ધોરણમાં ભણતા છોકરાઓ પરીક્ષા આપવા વગર રહી ગયા તેવા કારણસર બંને અપીલો કરવામાં આવેલ છે. આમ અરજદારને સદર અરજી આઈ ડી નં.૩૫૨ માં આ બાબતે ઝોન કચેરીની કોઈ જવાબદારી નથી. તેવું જણાવેલ છે. તેમજ તેવા પ્રશ્ન બાબતે પ્રત્યેક ઝોનમાં મ્યુ. કમિ.શ્રીની સુચના હોવા છતાં તા.૧૧–૪–૧૧ ના રોજ ડીમોલીશન કયા કારણસર થયું

તેવા પ્રશ્ન બાબતે અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી સદર દલિત વસાહત ઝુંપડપટ્ટીના લાભાર્થી ઈસમોને વૈકલ્પિક આવાસ ફાળવવામાં આવતાં તેઓ ધ્વારા પોતાના ઝુંપડા સ્વૈચ્છિક ખાલી કરી સ્થળાંતર કરવામાં આવેલ. આ ખાલી થયેલ ઝુંપડા વરાછાઝોન કક્ષાએથી તા.૧૧–૪–૧૧ ના રોજ દુર કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે જાહેર માહિતી અધિકારીએ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં જે અંગે અત્રેથી આરટીઆઈ સેલ/૮૨૫ તા.૨૬–૯–૧૧ થી ડીમોલીશનના કારણે બાળકો પરીક્ષા આપી શકેલ નથી તેવા કોઈ આધાર તેમની કક્ષાએ હોય તો રજૂ કરવા જણાવેલ. આમ અરજદારને પૂરક પત્ર લખી તક આપવા છતાં તેમના દાવાના સમર્થનમાં આધારભુત વિગતો રજૂ કરવામાં સફળ રહેલ નથી.વધુમાં જાહેર માહિતી અધિકારીએ દલિત વસાહત ઝુંપડપટ્ટીના લાભાર્થી ઈસમોને વૈકલ્પિક આવાસ ફાળવવામાં આવતા તેઓ ધ્વારા પોતાના ઝુંપડા સ્વૈચ્છિક ખાલી કરી સ્થળાંતર કરવામાં આવેલ. આમ અરજદારને બંને અરજીઓ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી. ડો. બાબા સાહેબનું ચૈલ ચિત્ર બાબતે પણ વરાછાઝોન ખાતેથી ઉખેડવામાં આવેલ ન હોવાનું જણાવેલ છે. તેથી કર્મચારી સામે કાયદેસરની કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેવી માહિતી પણ પૂરી પડાયેલ છે. જે અંગે અપીલ તબકકે આઈ ડી નં.૩૫૦ ની મુદ્દા નં.૧ અને મુદ્દા નં.૨ અંગે એમ બે અપીલો તા.૧૪–૯–૧૧ ના રોજ કરવામાં આવેલ. જે બંને અપીલ અરજીઓ સંયુકત કરી એક અપીલ અરજી ગણવામાં આવેલ. જેમાં અરજદાર પાસે આરટીઆઈ સેલ/૮૨૬ તા.૨૬–૯–૧૧ થી તે અંગે પૂરક વિગતો માંગવામાં આવેલ. જે અરજદાર તરફથી પૂરી પાડવામાં આવેલ નથી. અમને બંને અરજીઓમાં કરેલ દાવાનુસાર આધાર રજૂ કરવામાં અરજદાર સફળ રહેલ નથી.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે અરજદારની સરખા વિષય વસ્તુ માહિતી ધરાવતી અપીલો અંગે અત્રેથી અપીલ અરજી નં.૨૪૫,૨૪૬,૨૪૭,૨૪૮,૨૪૯ તા .૭–૯ –૧૧ થી હુકમ નં.આરટીઆઈ સેલ/૯૩૮ તા.૧૪–૧૦–૧૧ થી વિગતદર્શક અલાયદો હુકમ અગાઉ પણ કરવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૮–૧૧ ની આઈ ડી નં.૩૫૦ અને ઉપર ની બંને અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ